આત્મ આરાધ્ય ચાતુર્માસ
શ્રી શાહ પરિવાર – ઘાટકોપર 2026


JAIN KRANTI
# જૈન ક્રાંતિ
Vol. 17 | Issue 2 | Mumbai | June - 2026| Price Rs. 5/- | Pages : 28


પારસધામ, ઘાટકોપરની પાવન ભૂમિ પર

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબના કૃપાપાત્ર

**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે**



## ઘાટકોપર નગર પ્રવેશ શોભાયાત્રા

## પત્રિકા આલેખન અવસર

**18th June 2026 • ગુરુવાર**
**સવારે 07:00 કલાકે**

- **શોભાયાત્રા પ્રારંભ સ્થળ:** Krushal Commercial Complex, G.M Road, Chembur (W), Mumbai.
- **પત્રિકા આલેખન સ્થળ:** Bhanushali Wadi, Tilak Road, Ghatkopar (E), Mumbai.

**સમગ્ર ચાતુર્માસના લાભાર્થી : ધર્મવત્સલા શ્રી માનસીબેન પરાગભાઈ શાહ પરિવાર, ઘાટકોપર**

# વિહારની અનુભૂતિ અલગ જ હોય!



વિહાર યાત્રામાં જ્યારે અનેક ક્ષેત્રોની સ્પર્શના સાથે જ્યારે શાસન પ્રભાવના અને સંયમની સ્પંદનાનો અહેસાસ થાય છે, ત્યારે તે વિહાર યાત્રા ઉપકારક બની જાય છે, ત્યારે વિહાર યાત્રા માત્ર પદયાત્રા નહીં પણ પ્રભુધર્મની પ્રચાર યાત્રા બની જાય છે. વિહાર યાત્રામાં જ્યારે માનવસેવા અને જીવદયાના સત્કાર્યો થાય છે, ત્યારે સહનશીલતાની સાધના સાથે સેવા અને કરુણાના ગુણો પણ શ્રેષ્ઠ થઈ જાય છે...

**વિહાર યાત્રામાં જો સંયમની નિષ્ઠા અને સંયમનો અહેસાસ હોય તો કષ્ટો પણ કલ્યાણકારી બની જાય અને પ્રતિકૂળતા પણ પ્રસન્નતા બની જાય.**

✦ દરરોજ 15-20-25 કિલોમીટરનો વિહાર હોય જતનાપૂર્વકની ચાલ હોય, માથે ભારે તડકો હોય, વિહારધામ કે વિશ્રામ સ્થાન કેવું હશે, કંઈ જ ખબર ન હોય, છતા મનમાં અંશ માત્રનો વિકલ્પ ન હોય અને હૃદયમાં સંયમ જીવનની ખુમારી હોય... **એ અનુભૂતિ જ અલગ હોય !**

✦ વિહારમાં નાના નાના ગામડામાંથી પસાર થતા હોય, ધૂળવાડા રસ્તાઓ હોય, લીપેલા મકાનો હોય, અને નાના-નાના બાળકો કુતુહલથી જોતા હોય, એ નિર્દોષતાના દર્શન કરાવતા દશ્યો... **એ અનુભૂતિ જ અલગ હોય !**

✦ રોજ નવી જગ્યાએ રહેવાનું, રોજ નવા સ્થાને સૂવાનું... ક્યારેક ધર્મસ્થાનક હોય તો ક્યારેક પેટ્રોલ પંપની નાનકડી ઓરડી હોય, ક્યારેક ધૂળવાળી સ્કૂલ હોય તો ક્યારેક ભાવનાશીલ શ્રાવકનું ઘર હોય, અનુકૂળતા અને પ્રતિકૂળતા વચ્ચે સંયમની ફકીરીનો એ આનંદ... **એ અનુભૂતિ જ અલગ હોય !**

✦ ક્યારેક અશુચિ ભરેલી લાંબી ગટર પાસેથી પસાર થવાનું હોય અને એ અશુચિ ભરેલો માર્ગ પૂરો થતા જ સુંદર ફૂલોની સુગંધથી મહેકતા garden શરૂ થાય. દુર્ગંધ અને સુગંધના ગમા-અણગમાંથી અલિપ્ત રહી આત્મભાવમાં રમણ કરતા કરતા વિહાર કરવાની પ્રસન્નતા... **એ અનુભૂતિ જ અલગ હોય !**

✦ આત્માર્થ સાથે ક્યારેક પરમાર્થ કરવાની તક મળી જાય ત્યારે ગુરુકૃપાનો જે અહેસાસ થાય, સેવા સ્વીકારનારાની આંખોમાં આંસુની જગ્યાએ આનંદ આવે, અબોલ જીવોને શાતા મળે, એ નિહાળીને, જિનશાસન મળ્યાની જે ખુશી થાય, ગૌરવ થાય... **એ અનુભૂતિ જ અલગ હોય !**

✦ નાની-નાની શેરીઓ અને મોટા-મોટા highway હોય, ક્યાંક શેરીના કૂતરાઓથી બચવાનું તો ક્યાંક speedમાં આવતી truckથી બચવાનું અને છતા સૂક્ષ્મ જીવોની રક્ષાની સાવધાની રાખવાની એ alertnessમાં સંયમના સિદ્ધાંતોની સ્મૃતિ... **એ અનુભૂતિ જ અલગ હોય !**

✦ ક્યાંક 'પધારો પધારો...' સાથે ભાવભર્યું સ્વાગત થાય અને ક્યાંક "યહાં રહને કી કોઈ જગહ નહીં હૈ" ના કડવા વચનો સાથે અપમાન હોય... ક્યાંક ઉત્કૃષ્ટ અહોભાવ હોય તો ક્યાંક અજ્ઞાનના કારણે દુર્ભાવ હોય. તે સમયે સાધુત્વનો જે અહેસાસ થાય... **એ અનુભૂતિ જ અલગ હોય !**

**✦ વિહારની દરેક ક્ષણે યાદ આવે મારા પ્રભુનો વિહાર! ✦**

**પ્રભુ એ જંગલમાં, વનોમાં, ઉપવનમાં, વૃક્ષ નીચે ઝૂપડીમાં, અને અનાર્ય દેશોમાં કરેલી, કષ્ટો અને ઉપસર્ગોથી ભરેલી, છતા આત્માને પરમાત્મા બનાવનારી પ્રભુની એ વિહાર યાત્રા!!**

JAIN KRANTI
# જૈન ક્રાંતિ
5th June 2026, YEAR: 25, ISSUE - 303

PAGES : 24 + 4 • RETAIL PRICE : ₹ 5




સર્વજ્ઞ પ્રભુની આજ્ઞાની પાલના,
ક્ષેત્ર સ્પર્શના, આત્મ આરાધના, શાસન પ્રભાવના
અને સાથે થતા

**નાના-મોટા કડવા અને મીઠા**
**અનુભવના સંભારણા, કેવા હોય??**
**જાણવાની જિજ્ઞાસા છે ને??**

તો વાંચો, જૈન ક્રાંતિનો આ વિહાર અંક!
જેમાં અક્ષરાંકિત થયા છે,
રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના
પરમ શિષ્ય પરિવારના વિહારયાત્રાના પ્રેરણાત્મક અને અનુમોદનીય સંભારણા!



: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

: SUBSCRIPTION :

| | | |
|---|---|---|
| LIFE TIME (WITHIN INDIA) | : | ₹ 2500 |
| FOR 2 YRS. (WITHIN INDIA) | : | ₹ 500 |
| LIFETIME (INTERNATIONAL) | : | ₹ 20000 |
| FOR 1 YR. (INTERNATIONAL) | : | ₹ 2500 |

આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો
સંપર્ક : **+91-9324808181**

**TO KNOW MORE ABOUT**
**PUJYA GURUDEV**
**CONTACT ON: +91-9860905678**



# પ્રકૃતિની ગોદમાં..
# આત્મસાધનાનો અહેસાસ

પૂજ્ય શ્રી પરમ વિનયમુનિ મહારાજ સાહેબ

ઘણીવાર ગ્રંથોમાં વાંચ્યું હતું અને ગુરુદેવના શ્રીમુખેથી સાંભળ્યું હતું કે પરમાત્મા અને મહાપુરુષો પોતાનો વધુમાં વધુ સમય પ્રકૃતિની વચ્ચે વિતાવતા હતા. પ્રકૃતિની ગોદમાં ધ્યાન સાધના કરતા હતા, ત્યારે મનમાં એક પ્રશ્ન ઉઠતો કે ધર્મ સ્થાનકમાં ધ્યાન કરવામાં અને પ્રકૃતિની ગોદમાં ધ્યાન કરવામાં શું ફરક હોય? ધ્યાન તો ધ્યાન જ હોય ને!!

પરમ ગુરુદેવની કૃપાથી મારા પ્રશ્નનો પ્રત્યુતર મેળવવાની તક મળી ગઈ!

પરમ ગુરુદેવની આજ્ઞાથી નેપાળ તરફ અમારો વિહાર શરૂ થયો. અજાણ્યા ક્ષેત્રો, અજાણ્યા વ્યક્તિઓ અને અજાણ્યા વાતાવરણ વચ્ચે અમે વિહાર કરતા આગળ વધી રહ્યા હતા.

ચારેબાજુ નયનરમ્ય હરિયાળી, ખળખળ વહેતી નદીઓ અને પહાડો... ન કોઈ અવાજ, ન ઘોંઘાટ, ન pollution માત્ર ને માત્ર પ્રકૃતિની સુંદરતા અને નીરવ શાંતિ!

એક દિવસ વિહારમાં બે પહાડોને જોડતો એક walking bridge આવ્યો. Bridgeની 40-50 feet નીચે પાણીનો ધોધ વહેતો હતો અને એનો મધુર ધ્વનિ ઉપર સુધી સાંભળતો હતો. કોઈ વ્યક્તિની અવર - જવર પણ નહોતી, માત્ર હતું નયનરમ્ય દશ્ય અને કર્ણપ્રિય ધ્વનિ!

અમે એ bridge ઉપર જ ધ્યાન મુદ્રામાં બેસી, ધ્યાન સાધના કરવા લાગ્યા! થોડી જ ક્ષણોમાં જાણે અમારું મન શાંત થઈ ગયું. વિચારો અને વિકલ્પો જાણે એ ધોધના ધ્વનિમાં દબાઈ ગયા. ધ્યાન

એકદમ સહજ થઈ ગયું. અંદરનો કલહ શાંત થઈ ગયો અને હળવાશની અનુભૂતિ સાથે સ્વયં સાથે એવું connection થવા લાગ્યું, જેને માટે કોઈ શબ્દો નથી!

ક્યારેક ખળખળ વહેતી નદીના કિનારે મોટા-મોટા કુદરતી પથ્થરો મળી જાય તો ક્યારેક એકાંત સ્થાન અને ત્યાં જ અમે ધ્યાન સાધના કરવા બેસી ગયા. ધ્યાનમાં એવી લીનતા આવી જતી કે સમયનું ભાન ન રહેતું અને લાંબો સમય ધ્યાનમાં મગ્ન રહેવાના કારણે ભૂખ અને તરસ પણ ભુલાઈ જતા.

ત્યારે મને એ પ્રશ્નનો જવાબ મળી ગયો કે તીર્થંકરો અને મહાપુરુષો કેમ એકાંત અને પ્રકૃતિની વચ્ચે રહેવાનું પસંદ કરતા!

**'પ્રકૃતિ, તમારી પ્રકૃતિને બદલી નાંખે છે!'**

નેપાળ એટલે પ્રાકૃતિક ઉર્જાની ભૂમિ!

નિત્ય નવા અનુભવ સાથે અમારી વિહાર યાત્રા Lumbini થઈ Pokhara Cityમાં થઈ, જ્યાં ઉપાશ્રયમાંથી જ વાદળોથી ઘેરાયેલી હિમાલયની પર્વતમાળા દેખાતી હતી, જે સહજભાવે ધ્યાન સાધના કરવા પ્રેરિત કરતી હતી.

Pokharaથી અમે 200 kmનો વિહાર કરી Muktinath Temple ગયા, જે સમુદ્રની સપાટીથી લગભગ 3800 meterની ઊંચાઈ પર છે. આખો area ઘાટવાળો હોવાથી વિહાર ભલે કઠિન હતો પણ અનુભૂતિ આત્મસ્પર્શી હતી. ઊનાળો હોવા છતાં ત્યાં temperature - 11° અને પવન પણ full speedમાં વહેતો હતો.

મંદિરની બહાર પ્રકૃતિની ગોદમાં ધ્યાન સાધના માટે ગયો. થોડી જ ક્ષણોમાં ઠંડીના કારણે હાથ - પગ થીજી ગયા. દેહ પર પૂરતા ગરમ વસ્ત્રો પણ ન હતા. પણ મનમાં નિશ્ચય કર્યો હતો કે, ઠંડી સહન કરીને પણ સાધના તો કરવી જ છે. થોડીવાર માટે તો થોડીવાર માટે પણ ભગવાનની જેમ દેહભાવથી નિશ્ચિંત થવું છે.

સંકલ્પ દૃઢ થવા લાગ્યો અને ગુરુકૃપાથી થોડી ક્ષણોમાં જાણે મન ધ્યાન સાધનામાં લીન થઈ ગયું અને ઠંડીની અસર ઓછી થવા લાગી. ત્યારે એક સત્ય સહજતાથી સમજાઈ ગયું કે, **દેહને જેટલો પંપાળો, દેહ એટલું જ તમને સાધનાથી દૂર લઈ જાય.**

જ્યારે લક્ષ્ય સ્પષ્ટ હોય અને મન અડગ હોય તો દરેક પ્રતિકૂળતા પરિબળ બની જાય છે. પરમાત્મા અને મહાપુરુષોનું લક્ષ્ય પણ એક જ હોય છે. 'સ્વ'ની, આત્માની પ્રાપ્તિ માટે જ તેઓ કઠિનમાં કઠિન સાધના કરતા હોય છે.

વિહારમાં નાના-મોટા ઘણા અનુભવ થાય, ઘણું જાણવા મળે, પણ શ્રેષ્ઠ હોય છે, પ્રકૃતિની ગોદમાં આત્મ સાધના અને 'સ્વ' ની સમીપ જવું!

## ॥ विहारचरिया इसिणं पसत्था ॥

શ્રી દશવૈકાલિક સૂત્ર, ચૂલિકા - 2, ગાથા - 5

**સાધુ માટે વિહાર એ તીર્થંકર પરમાત્માની આજ્ઞા છે અને સંયમ જીવનની પ્રશસ્ત આત્મ હિતકારી ચર્યા છે.**













# સર્પની એ અંતિમ ક્ષણો...

પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજી

2025ની આ વાત છે. વિહારમાં જૈન-અજૈન ભાવિકોને પ્રેરણા અને બોધ આપવો એ તો સામાન્ય વાત છે. પણ તે દિવસે અમે શ્રવણ બેલગોલામાં પ્રભુના દર્શન કરી, બેંગલોર તરફ જઈ રહ્યા હતા. રસ્તામાં એક જગ્યા એ એક ટોળું ઊભું હતું અને 'મારો...મારો' ની બૂમ પાડી રહ્યું હતું.

કોઈને મારવાની વાત હતી. એટલે અમે ત્યાં ઊભા રહી ગયા અને જોયું તો એક સર્પને લોકો લાકડી અને પથ્થરથી મારી રહ્યા હતાં. સર્પ લોહી લુહાણ થઈ ગયો હતો.

અમે શાંતિથી કહ્યું, એ જીવને ન મારો.. એને સુરક્ષિત સ્થાને મૂકી આવો પણ એમને અસર ન થઈ એટલે અમે થોડા મોટા અવાજે કહ્યું, 'ઈસે મત મારો!' એટલે એ લોકો અટકી ગયા. અમે સર્પની નજીક ગયા તો જોયું કે એના અંતિમ શ્વાસો લાગે છે. એટલે તરત જ પ્રથમ શ્રી નમસ્કાર મહામંત્ર સંભળાવ્યો અને પછી મંગલકારી માંગલિક સંભળાવ્યું હજુ તો માંગલિક પૂરું થાય ત્યાં તો સર્પે અંતિમ શ્વાસ લીધો !

ત્યાં બાજુમાં ઊભેલા Christian ભાઈઓ એ અમારા પર ગુસ્સો કર્યો. આપ ક્યોં ઉસે મારને નહીં દેતે ? યે તો bite કરનેવાલા જીવ હૈ. કિસી કો bite કરેગા તો ?

અમે એમને સમજાવ્યું, આપ ઉસે પરેશાન નહીં કરોગે તો વો ભી આપકો bite નહીં કરેગા !

ત્યાંથી નીકળી અમે પ્રથમ પરમ ગુરુદેવનો ઉપકાર માન્યો, કેમ કે, એમણે જ અમારામાં આવી ઉત્તમ કરુણાના ગુણ પ્રગટાવ્યા છે. અને અમે એમની જીવનશૈલીમાંથી ઘણું બધું શીખ્યા છીએ.

એ ક્ષણે અમને પ્રભુ પાર્શ્વનાથ યાદ આવ્યા જેમણે બળતા નાગ - નાગણીને શ્રી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરાવ્યું અને તેઓ ધરણેન્દ્ર દેવ - પદ્માવતી દેવી બન્યા.

આજે અમને એક ઘાયલ અને અંતિમ શ્વાસ લેતા સર્પને નમસ્કાર મહામંત્ર અને ચાર શરણાનું શ્રવણ કરાવવાની તક મળી. વિહારની આવી અનુભૂતિ અમારી ગુણવૃદ્ધિ સાથે સ્મરણીય પણ બની જાય છે.



# ક્રૂરતાનું એ દૃશ્ય...

પૂજ્ય શ્રી પરમ દિવ્યતાજી મહાસતીજી

2nd February, 2026... એ દિવસે જોયેલું એ દશ્ય સંયમ સ્વીકારની અને ભવસાર્થકતાની અનુભૂતિ કરાવી ગયું!

અમે વિહાર કરી રહ્યા હતા, ત્યાં આગળ એક ગાય આકુળ - વ્યાકુળ થઈ, આમથી તેમ દોડી રહી હતી. પહેલા તો અમને થયું, એને કોઈ તકલીફ થતી હશે, વેદના સહન થતી નહીં હોય, એટલે આમથી તેમ દોડી રહી છે.

જરાક આગળ પહોંચ્યા ત્યાં જે દશ્ય જોયું, તે જોઈને સમજાય ગયું કે, વેદના દેહની નથી, વેદના મમતાની છે. એક ભાઈ scooterમાં એ ગાયના તાજા જન્મેલા વાછરડાને લઈ, પગેથી બાંધી, ઊંધું લટકાવી લઈ જઈ રહ્યા હતા!

વેદના બાળકના વિખૂટા પડવાની હતી, વેદના બાળકની સ્થિતિની હતી !

યોગાનુયોગ તે દિવસે મારો દેહનો જન્મદિવસ હતો અને એ અબોલ, લાચાર વાછરડાનો પણ જન્મદિવસ હતો.

અનાયાસે જ એક વિચાર મનમાં આવી ગયો **આ પંચમ કાળમાં જ્યારે 84 લાખ જીવાયોનીના જીવો દુઃખની અનુભૂતિમાં છે, ત્યારે આવા દુઃખમય સંસારમાં હું સંયમના સુખની અનુભૂતિમાં છું, જેનું કોઈ કારણ હોય તો તે છે આ દુર્લભ મનુષ્યભવ, પરમાત્માના સિદ્ધાંતોની સમજ અને સંયમ પ્રદાતા ગુરુની અસીમ કૃપા !**



# ભાવિકોનો ઉલ્લાસભાવ

પૂજ્ય શ્રી પરમ દિવ્યતાજી મહાસતીજી

વિહાર યાત્રા એટલે જિનશાસન પ્રત્યેની નિષ્ઠાને strong કરવાનો અપૂર્વ અવસર !

સુરતથી વિહાર કરી અમે આગળ જઈ રહ્યા હતા. Already 24km જેટલો વિહાર થઈ ગયો હતો. 5-6 કલાકથી સતત ચાલી રહ્યા હતા અને અમારે જ્યાં પહોંચવાનું હતું તે spot હજુ 8-9 km દૂર હતો, બપોરનો સમય થવા આવ્યો હતો અને તડકો વધી રહ્યો હતો. થોડીવાર માટે આરામ કરવો પડે એવી સ્થિતિ હતી.

ત્યાં એક નાનકડું ગામ જેવું દેખાણું એમ ગામ તો ન કહેવાય, કેમ કે ત્યાં માત્ર નાની-નાની થોડી huts હતી, ન કોઈ ઉપાશ્રય ન કોઈ ધર્મસ્થાનક, ન કોઈ જૈનના ઘર !

અમે વિચારી રહ્યા હતા કે શું કરવું જોઈએ? રત્નાધિક પરમ મહાસતીજીએ અમને પૂછ્યું આગળ વિહાર થઈ શકશે?? અમે બધા એ સસ્મિત હા પાડી, પણ ત્યાં જ એક જૈનેતર ભાઈ અમારી પાસે આવી ને કહ્યું, તમે આવો અને અમારા ઘરે આરામ કરો, અહીંથી પસાર થતા ઘણા સાધુ-સાધ્વીજીઓ આવે છે.

હજુ અમે એ ભાઈની વિનંતી ઉપર વિચારી રહ્યા હતા, ત્યાં ખબર પડી કે already ગામમાં 5-7 મહાસતીજીઓ બિરાજમાન છે, એટલે અમને પ્રભુની આજ્ઞા યાદ આવી ગઈ! સાધુ ક્યારેય કોઈના ઉપર ભારરૂપ ન થાય !

અહીંયા તો નાનકડી hutsમાં રહેતા સાવ સાધારણ પરિવારો છે. પોતાનું ગુજરાન પણ મુશ્કેલીથી ચલાવતા હશે, ત્યાં પહેલેથી 5-7 મહાસતીજીઓ છે અને એમ અમે બીજા ચાર મહાસતીજીઓ!


અમે કોઈપણ જાતનો વિકલ્પ લાવ્યા વિના નિર્ણય કર્યો કે આપણે વિહાર કરીએ..

એ ભાઈ સમજી ગયા એટલે એમને ફરી વધારે ઉત્કૃષ્ટ ભાવથી વિનંતી કરી, તમે થોડીવાર રોકાઈ જાવ, અમને જરા પણ તકલીફ નહીં પડે, એ સમયે એમની ભાવના, એમની ભક્તિ અને એમની સરળતા એમની વિનંતીમાં દેખાતી હતી, એમની ભાવુકતા જોઈ અમે ત્યાં રોકાઈ ગયા.

પછી ગૌચરી માટે જે જે hutsમાં ગયા, ત્યાંની એમની પરિસ્થિતિ જોઈ હૃદય કંપી ઉઠ્યું. આવી પરિસ્થિતિમાં પણ એમની સંતો પ્રત્યેની ભક્તિ અને સત્કાર ભાવના કેવી શ્રેષ્ઠ છે !

એમાં પણ જ્યારે તેઓ આહારના દ્રવ્યો અર્પણ કરતા હતા ત્યારે એમનો જે હર્ષોલ્લાસ હતો તે ખરેખર ગજબનો હતો, અનુમોદના કરવા લાયક હતો! સંપતિથી ગરીબી હતી પણ ભાવોની અમીરી શ્રેષ્ઠ હતી, આહારના દ્રવ્યમાં મેવા- મિઠાઈ ન હતા પણ અંતરના ઉલ્લાસની ગજબની મીઠાસ હતી !

વિહારયાત્રામાં ઘણું જોવા, જાણવા, શીખવા અને સમજવા મળે છે. માટે જ, **વિહારને જંગમ પાઠશાળા એટલે કે mobile university કહેવાય છે ને !**



















# અભયદાનની અનુભૂતિ

પૂજ્ય શ્રી પરમ ઋજુતાજી મહાસતીજી

એક દિવસ સાંજના સમયે અમે વિહારધામ પહોંચવાની તૈયારીમાં હતા ત્યાં એક highwayની વચ્ચે એક સાવ નાનકડું puppy જોયું જે એટલું બધું Soft અને નાનકડું હતું કે તે પોતાની જાતે ચાલી પણ નહોતું શકતું. કદાચ એકાદ દિવસ પહેલા જ જન્મેલું હશે.

અમારી નજર એના પર ગઈ અને અમારા પગ અટકી ગયા, અમારી સાથે રહેલા સેવકભાઈ દેવાનુપ્રિય રૂપેશભાઈને બોલાવ્યા અને કહ્યું આને બચાવી લ્યો !

રૂપેશભાઈ એને રસ્તા વચ્ચેથી sideમાં લાવ્યા, એક નાનકડી basketમાં મૂક્યું, દૂધ પીવડાવ્યું, અને પછી બેંગ્લોરમાં arham animal care ambulanceને ફોન કરી ત્યાં બોલાવી, puppy ને તેઓ લઈ ગયા, તેની treatment કરી, અને best વાત તો એ થઈ કે arham animal ambulanceના જે driver ભાઈ હતા, એમને એ puppyને adopt કરી લીધું અત્યારે તે puppy એકદમ happy અને healthy છે !

બીજા એક dogનો accident જોયો, એ સમયે કોઈ ambulanceની સગવડ ન હતી, એટલે પૂછતાં પૂછતાં અમને એક જીવદયા પ્રેમી ભાઈનો contact થયો. એ ભાઈ 150km. દૂરથી આવ્યા, એ dogનું operation કર્યું અને આખી રાત એની સારવાર કરી, બીજે દિવસે એ ભાઈએ એ dogની video રૂપેશભાઈને મોકલી અને કીધું, હવે તે બે ત્રણ દિવસમાં ચાલી શકશે.

વિહાર એટલે માત્ર શાસનની પ્રભાવના કરવા એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં જવાનું નથી હોતું પણ વચમાં મળતી આવી અનુકંપાની, અભયદાન અર્પણની તકને જે ઝડપી લે છે, તેની વિહારયાત્રા સમ્યક અને સાર્થક બની જાય છે.

તે dog અને તે puppy રસ્તે જતા ઘણી વ્યક્તિઓએ જોયા પણ કોઈ એના માટે રોકાણુ નહીં અને અમને રોકાવાનું મન થયું, એ જ છે આ જિનશાસનની બલિહારી!!!



# જિનશાસનમાં આસનનું મૂલ્ય

પૂજ્ય શ્રી પરમ પાવનતાજી મહાસતીજી

સંયમ એટલે કષ્ટોનો કાંટાળો માર્ગ!

**કષ્ટોને જે સમભાવે અને હસતા હસતા સહન કરે છે, તેનો સંયમ શ્રેષ્ઠ થાય છે.** જે સહન કરે છે, તે સિદ્ધ થાય છે.

જિનશાસનમાં આસન મળવું એ પરમ સૌભાગ્ય હોય છે અને જે એ આસનનું મૂલ્ય સમજે છે, એનું સન્માન કરે છે, એને ભવોભવ જિનશાસન મળે છે.

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવની આવી અનેક હિતશિક્ષા અમારા માટે કષ્ટોને સહન કરવાનું પરિબળ બની રહે છે.

તે દિવસે સવારથી સાંજ સુધીમાં અમારો લગભગ ૩૩ કિલોમીટરનો વિહાર થઈ ગયો હતો. અમારે જે સ્થાન પર પહોંચવાનું હતું તે દૂર હતું અને સૂર્યાસ્તનો સમય નજીક હતો એટલે ત્યાં સુધી પહોંચી શકાય એવી કોઈ શક્યતા ન હતી. અમે ત્યાં નજીકમાં એક અન્ય ધર્મીનું મંદિર જોયું. અમે એમને એક રૂમ હોય તો એક રાત રહેવા માટે આપવાની વિનંતી કરી. એ ભાઈએ રૂમ આપી.

એ નાનકડી રૂમમાં 2 પાટ હતી અને અમે 4 પરમ મહાસતીજીઓ હતા, અમે વિચાર્યું બે રત્નાધિક મહાસતીજીઓ પાટ પર સુઈ જશે અને બે નાના મહાસતીજીઓ નીચે સૂઈ જશે.

પણ બન્યું એવું કે જેમ જેમ સૂર્ય અસ્ત થવા લાગ્યો, રૂમમાં નાની નાની જીવાત આવવા લાગી અને જમીન પર બેસવા લાગી.

હવે શું કરવું? નીચે સૂવા જઈએ તો એ જીવોની હિંસા થાય! અમે તરત જ નિર્ણય લીધો કે બે પાટ join કરી આપણે બધા ઉપર જ સૂઈ રહીશું. અમે પાટ join કરી અને એક જ પડખે સુતા રહ્યા. થોડીવાર થઈ, રાત વધી અને આખો રૂમ એ સૂક્ષ્મ જીવાતોથી ભરાઈ ગયો. નીચે પગ મૂકી શકાય એટલી પણ જગ્યા ખાલી ન હતી, અને અમારા દેહમાં ૩૩kmના વિહારનો થાક પણ હતો. દેહને rest આપવો પણ જરૂરી હતો કેમ કે સવારે ફરી વિહાર હતો.

અમે ચાર મહાસતીજીઓ જરાપણ હલ્યા ચલ્યા વિના આખી રાત એક પડખે સૂતા રહ્યા. ત્યારે મનમાં એક જ ચિંતન હતું કે આપણને આ જિનશાસનમાં આસન મળ્યું છે, એટલે જ આપણા હૃદયમાં દયા, કરુણા, અનુકંપા છે અને જીવોની રક્ષા કરવાની, એમને hurt ન કરવાની ભાવના છે.

જો આ સમજ ન મળી હોત, સમજાવનાર ગુરુ ન મળ્યા હોત તો કદાચ આજે આપણે પણ અન્યની જેમ ઝાડુથી બધી જીવાતોને બહાર કાઢી, આરામથી સુઈ ગયા હોત !

Thank you જિનશાસન! પ્રભુ ભવોભવ આપનું શાસન મળે એવો અમારો પુરુષાર્થ થાય એ જ પ્રાર્થના !




# શ્રદ્ધા જ્યારે શ્રેષ્ઠ હોય....

પૂજ્ય શ્રી પરમ સાત્વિકાજી મહાસતીજી

નાનકડા ગામડામાં એક દિવસ અમે રાત્રિ રોકાણ માટે સ્થાન શોધી રહ્યા હતા, નાનકડી એક શેરીમાં બહાર મંડપ બાંધેલો હતો, ત્યાં થોડા ઘરો દેખાતા હતા, અમારા રત્નાધિક પરમ મહાસતીજી એક ઘરની બહાર ઉભેલા બેનને પૂછવા ગયા કે, અમને એક રાત રોકવાની જગ્યા મળશે ??

એ બહેન અન્ય જ્ઞાતિના હતા, તેઓ એકદમ ખુશ થઈ ગયા અને ખૂબ જ ભાવથી કહ્યું, હા....હા...મળી જશે...તમારા જેવા સંતોને હું વર્ષોથી ઓળખું છું.

આજથી ત્રિસેક વર્ષ પહેલા અમે એક ઉપાશ્રયની બાજુમાં રહેતા હતા, ત્યાં એક મહારાજ સાહેબ આવ્યા હતા, અને એમણે અમને એક જાપ શીખવાડ્યા, ત્યારથી હું એ જાપ નિયમિત કરું છું અને એ જાપ એવા સરસ છે કે એના દ્વારા અમારા આ ગામમાં કોઈ પણ વ્યકિત બીમાર હોય, તાવ આવ્યો હોય કે વીંછી કરડી ગયો હોય, હું આ જાપ કરું એટલે બધાના દુઃખ દર્દ ભાગી જાય, એવા સરસ જાપ છે.

અમે પૂછ્યું કયા જાપ કરો છો ??

અને એમણે એમના ભાવમાં શ્રી નમસ્કાર મહામંત્ર સંભળાવ્યો અને પછી એમના ઘરમાં અંદર લઈ ગયા શ્રી નમસ્કાર મહામંત્રની frame હતી, એમણે કહ્યું, હું દરરોજ અહીંયા જાપ કરું છું, અને મારે ત્યાં જે કોઈ આવે એમને આ જાપ કરાવું છું.

ત્યારે વિચાર આવ્યો કે, **જે વ્યક્તિને શ્રી નમસ્કાર મંત્ર શું છે એ ખબર નથી, જૈન નથી એનો ભાવાર્થ કે મહત્વ ખબર નથી છતા એના પ્રત્યે કેવી દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ છે કે જે શ્રદ્ધાના કારણે જ તેઓ નમસ્કાર મંત્ર દ્વારા અનેકના દુઃખ દર્દ દૂર કરે છે, અનેકના હૃદયમાં શ્રદ્ધા જન્માવે છે અનેકને એ જાપ કરવાની પ્રેરણા કરે છે.**

મંત્ર સમજાય કે ન સમજાય પણ શ્રદ્ધા જો ઉત્કૃષ્ટ હોય, તો મંત્ર ઔષધિરૂપ બની જાય, મંત્ર અહોભાવિત કરી દે અને મંત્ર જીવનને પરિવર્તિત કરી દે.




# અજાણ્યા સંત પ્રત્યે અહોભાવ

**પૂજ્ય શ્રી પરમ આરાધ્યાજી મહાસતીજી**

વિહાર એટલે નિત્ય એક નવો અનુભવ.. નવી શિક્ષા, નવો દૃષ્ટિ બોધ અને એ જ હોય છે વિહારની આત્મિક મસ્તી!!

અમે મુંબઈથી રાજકોટ તરફ જઈ રહ્યા હતા, લગભગ સાડા સાત આઠ વાગ્યાનો સમય હશે, અમે જતનાપૂર્વક મનમાં તપસ્વી ગુરુદેવના જાપ કરતા કરતા આગળ વધી રહ્યા હતા, ત્યારે ત્યાં દૂરથી એક van આવતી હતી, તે અમને જોઈ આરામથી થોડે દૂર ઊભી રહી ગઈ, એમાંથી એક ભાઈ નીચે ઉતર્યા અને બે હાથ જોડી અમારી તરફ આવવા લાગ્યા, અત્યંત ભાવથી દર્શન કર્યા અને પછી કહ્યું મારે આપને કંઈક આપવું છે, અન્ય જ્ઞાતિના હશે એટલે એમને વ્હોરાવવું શબ્દની ખબર નહીં હોય !

હજુ તો અમે કાંઈ કહીએ એ પહેલા જ એમણે એમની vanમાંથી અલગ અલગ જાતના ગાઠીયા, ચેવડો, આદિના packets કાઢ્યા અને ખૂબ જ ભાવથી આગ્રહ કરી આપવા લાગ્યા..

એ ભાઈ કદાચ નાસ્તાના packetsની shopsમાં delivery કરવા જતા હશે.

અમે એમને સમજાવ્યું, અમે આવી રીતે આખા packets ન લઈ શકીએ, આપના ભાવ છે, તો આપ અમને અમારા પાત્રમાં એક packet ખોલી થોડું અર્પણ કરી શકો છો.

ઉત્કૃષ્ટ અહોભાવ સાથે એમણે એક - બે packets ખોલી વહોરાવ્યા. એમના તો ભાવ હજુ પણ હતા, પણ અમને ખપ ન હતો.

એ સમયે એમના ચહેરા પર અનોખી પ્રસન્નતા હતી. એમણે કહ્યું, આજે મને ભગવાનના દર્શન થયા અને ભગવાનને અર્પણ કરવાનો chance મળ્યો.

એમના આવા ઉત્કૃષ્ટ અહોભાવને જોઈને અમારા મનમાં એ જ દૃશ્ય, તાદૃશ્ય થઈ ગયું, જ્યારે ભગવાન મહાવીરે નયસાર સુથારના ભવમાં અજાણ્યા મુનિને આહાર અર્પણ કરી, કદાચ આવો જ ઉત્કૃષ્ટ અહોભાવ પ્રગટ કર્યો હશે અને ભગવાન બનવાના બીજ વાવ્યા હશે.

એમને જોઈને એવું જ લાગતું હતું જાણે પાંચમાં આરામાં અજાણ્યા સાધ્વીજીઓ પ્રત્યેના એમના અહોભાવે કદાચ એમના ભાવિના ભગવાનના બીજ વાવી દીધા હશે !

વિધિ - વિધાન, વંદના કે વહોરાવવાની સમજ ન હતી પણ હૃદયમાં એક સંત પ્રત્યેનો.. એક અજાણ્યા પંચ મહાવ્રતધારી સાધ્વીજી પ્રત્યે હૃદયમાં ઉછળતા ભાવ અને અંતરમાં ઉત્કૃષ્ટ અહોભાવ શ્રેષ્ઠ હતા!




# વાહ પ્રભુ!
# કેવો છે તારા વેશનો પ્રભાવ!

પૂજ્ય શ્રી પરમ નમસ્વીજી મહાસતીજી

તે દિવસે અમને સુરતના Highway પર સ્થિત 'આશીર્વાદ માનવ મંદિર'માં ઉતરવાનું થયું.

'આશીર્વાદ માનવ મંદિર' સાચા અર્થમાં માનવતાના દર્શન કરાવતું એવું મંદિર છે, જ્યાં એક નહીં અનેક પ્રભુજી રહે છે.

આ એક એવો આશ્રમ છે, જ્યાં બે મહિનાથી લઈને 90 વર્ષના 650+ મંદબુદ્ધિના જીવો રહે છે, જેમને બધાં પ્રેમભાવથી 'પ્રભુજી' કહે છે. એમની માનસિક અવસ્થા એવી છે કે, તેઓ પોતાની જાતે પોતાનું કાર્ય પણ કરી શકતા નથી. તેમને તો પોતાનું નામ પણ ખબર નથી તો ગામ, જ્ઞાતિ કે પરિવારની તો ક્યાંથી ખબર હોય ?

આશ્રમના પ્રમુખ દેવાનુપ્રિય શ્રી નરેશભાઈ ગોધાણી અને એમનો 150 વ્યક્તિઓનો staff નિઃસ્વાર્થ ભાવે, સાચા દિલથી એક એક 'પ્રભુજી'ની રાત-દિવસ ખડે પગે સેવા કરે છે.

અમારી એક દિવસની સ્થિરતા દરમ્યાન અમે આશ્રમના એક-એક પ્રભુજીને મળ્યાં ત્યારે દેવાનુપ્રિય શ્રી નરેશભાઈ પણ અમારી સાથે હતાં અને બધું સમજાવતાં હતાં. વાત-વાતમાં એમને જણાવ્યું કે, આજે અમારું Menu non- jain હતું પણ આપના પધારવાના સમાચાર મળતાં જ મેં મારા kitchenના રસોઈ બનાવનાર મહારાજને સૂચના આપી કે આજે full jain Menu જ બનાવશો.

'આપના નિમિત્તે આજે અમારા બધાં પ્રભુજીને જૈન ભોજન મળ્યું એનો આનંદ છે', ત્યારે અમે કહ્યું, અમને પણ નિર્દોષ ગૌચરી વ્હોરવાનો લાભ મળ્યો.

એમણે વાત આગળ ચલાવતાં ખૂબ જ ભાવથી જણાવ્યું કે, 'આપ જેવા મહાત્માઓના પગલાં અમારા આંગણે થયાં છે' અને મારા અંદરથી કંઈક અલગ જ ભાવ જાગ્યાં અને મે kitchenમાં જઈ રસોઈ બનાવનાર મહારાજને આદેશ આપી દીધો કે આજથી આપણા kitchenમાં life time માટે લસણ ન વાપરવું. આજથી અમારે ત્યાં લસણ નહીં આવે!

એમના મુખેથી આ શબ્દો સાંભળતાં જ....

મનોમન અમારા હૃદયમાંથી અહોભાવ સાથે ભાવ પ્રગટી ગયાં, "વાહ પ્રભુ વાહ! કેવો છે, તારા આ વેશનો પ્રભાવ!"


**ન કોઈ પ્રવચન, ન કોઈ બોધ વચન કે ન કોઈ પ્રેરણા...**

**માત્ર પ્રભુ આપના વેશને જોઈને એક વ્યક્તિના હૃદયમાં ત્યાગના ભાવ જાગી ગયાં અને આચરણમાં પણ મૂકી દીધાં !**

650 પ્રભુજી+ 150 staff એટલે કે 800 વ્યક્તિઓ જે દિવસના ત્રણ time ભોજનમાં લસણ વાપરતાં હતાં તેઓએ હવે આજીવન લસણનો ત્યાગ કરી દીધો!

આ સાંભળતાં જ અમારા રોમ-રોમમાં એક અકલ્પનીય આનંદ વ્યાપ્ત થઈ ગયો. કંદમૂળના એ અનંતા જીવોને અભયદાન પ્રાપ્ત થશે અને અમારા વિહારની એ ક્ષણો થકી અમે એ અભયદાનમાં ક્યાંક નિમિત્ત બન્યાં !

પરમ ગુરુદેવે સાચું જ સમજાવ્યું છે કે, વિહાર એટલે માત્ર જતનાપૂર્વક ચાલવું નથી પણ વિહારના એક એક અનુભવને જો તમે સંયમ સાથે જોડશો, તો તમારો સંયમ શ્રેષ્ઠ અને દૃઢ બનશે.




# દૃશ્યો એ કરાવી અનુપ્રેક્ષા!

પૂજ્ય શ્રી પરમ સુરમ્યાજી મહસતીજી

વિહારયાત્રા બાદ વિશ્રામ અર્થે અમે માનવમંદિરમાં રોકાયા હતા, ત્યાં અમે જે બે દષ્ટિબોધ આપતા દશ્યો જોયા જેણે અમને અનુપ્રેક્ષા કરાવી !

પ્રથમ દશ્ય હતું, 600 જેટલા mentally challenged નાના મોટા ભાવિકોનું જેઓ રસ્તા પર એકલા-અટુલા પડ્યા હોય, તેમને અહીંયા લાવ્યા હોય.

એમની જીવનશૈલી જોતા જ અંતરમાંથી શબ્દો સરી પડ્યા. THANK YOU PARMATMA... THANK YOU GURUDEV!

જ્યારે એમની વ્યથાની કથા સાંભળી, તેઓને કેવી હાલતમાં લાવવામાં આવ્યા હતા, તેની video જોઈ ત્યારે સહજતાથી અનુપ્રેક્ષા થવા લાગી... ક્યાંક હું મારી બુદ્ધિનો, મારી સેવાનો, મારાથી થતી શાસન પ્રભાવનાનો અહંકાર તો નથી કરતી ને ! ક્યાંક મારા મનમાં મારી બુદ્ધિનો micro ego તો નથી ને !

હે પ્રભુ! જાણતા અજાણતા થયેલા એ અહંકારની હું આજે ભાવથી આલોચના કરું છું, નહીં તો એ egoનું positionનું એક drop પણ મારા અમૃત જેવા સંયમને ઝેરી બનાવી દેશે, મારે આજે મારી બુદ્ધિનો અહંકાર કરી, ભવિષ્યમાં મંદબુદ્ધિના નથી બનવું !

બીજું દશ્ય હતું, old age homeનું જ્યાં નિરાધાર વડીલ-વૃદ્ધોની પરિસ્થિતિ એ અનિત્ય ભાવનાનું દર્શન કરાવ્યું અને realise કરાવ્યું કે જ્યારે ક્ષમતા હોય ત્યારે ધર્મ કરવા માટે ક્ષણ માત્રનો પ્રમાદ ન કરવો જોઈએ.

ક્ષમતા હોવા છતાં શક્તિનો ઉપયોગ ન કરવો એ આત્મગુણનું અપમાન છે, આત્મગુણનું ખૂન કરવા જેવું છે.

જૈન સાધુ-સાધ્વીજીઓનો વિહાર એટલે કષ્ટોને સહન કરી સહનશીલતાને strong બનાવવાનો શ્રેષ્ઠ માર્ગ!

**વિહાર એટલે જે પ્રતિકૂળતામાં પણ પ્રસન્ન રહેતા શીખવાડે.**

પરમ ગુરુદેવની અસીમ કૃપાથી 4 વર્ષની દીક્ષા પર્યાયમાં ત્યારે અમારો 1300+ km નો પદવિહાર થયો હતો અને 165 જેટલા ક્ષેત્રોની સ્પર્શના કરી, એક નાનકડા ગામની નાનકડી ફેક્ટરીમાં ઉતાર્યા હતા.

એ ગામની વ્યક્તિઓ દર્શન કરવા આવતા હતા એટલે તે દિવસે નાનકડો સત્સંગનો કાર્યક્રમ રાખ્યો. એ કાર્યક્રમમાં અમે પ્રવચન ન ફરમાવ્યું પણ એમની જીવનશૈલી વિશે એમના મુખેથી સાંભળ્યું. તેઓની life કેવી છે અને તેઓ શું કરે છે, તે જાણ્યું.

અમે પૂછ્યું ચારે બાજુ ખેતરો છે તો નાના - મોટા જીવજંતુઓ આવતા હશે, ક્યારેક સાપ - વીંછી પણ આવતા હશે, ત્યારે શું તમને એનો ડર લાગે?

ત્યારે તેઓએ કહ્યું, ના રે ના! અમે તો જીવતા સાપને ડોક મરડીને મારી નાંખીએ અને વીંછીઓને તો રમતાં - રમતાં પગ નીચે કચડી નાંખીએ! એમના કહેવામાં પણ જાણે બહાદુરી કરતા હોય એવો tone હતો.


કેવી અજ્ઞાનતા ! કાશ ! એમણે પણ પ્રભુ અને પ્રભુનો ધર્મ મળ્યો હોત તો?

એમની આ ક્રૂરતા દૂર થાય અને તેઓ હિંસાના પાપથી બચી જાય એવી શુભ ભાવના સાથે અમે એમને એમની શૈલીમાં સરળ ભાષામાં સમજાવ્યું કે, જેમ તમને તમારો જીવ વ્હાલો છે, તમને જીવવું ગમે છે, તેમ તે જીવોને પણ એમનો જીવ વ્હાલો હોય. એમણે પણ જીવવું ગમતું હોય એટલે એમને ક્યારેય મરાય નહીં, એમની રક્ષા કરાય, એમને સુરક્ષિત સ્થાન પર મૂકી દેવાય! અને બીજી વાત આપણે જેવું કરીએ, એવું જ આપણી સાથે થાય !

ગુરુકૃપાથી એમના heartને અસર થતી જોઈ અમે જીવદયા અને જતનાની પ્રેરણા કરી ત્યારે તેઓ એક પછી એક પોતાની વાત ખુલ્લા મનથી કહેવા લાગ્યા.

એક ભાઈએ તો કહ્યું, અમે સ્નાન કરવામાં જ 10 ડોલ પાણી વાપરીએ છીએ અને આરામથી સ્નાન કરીએ છીએ.

સત્સંગ સંમયે કોઈપણ જાતની એક પણ પ્રકારની અનુકૂળતા



# પ્રતિકૂળતામાં પ્રેરણાની પ્રસન્નતા

પૂજ્ય શ્રી પરમ સુનિષ્ઠાજી મહાસતીજી

વિનાના પ્રતિકૂળ વાતાવરણમાં વિશ્રામ કરતા હોવા છતાં આ અજ્ઞાની જીવોને સત્યની સમજરૂપ પ્રેરણા પ્રદાન કરવાની અમારી અંદર પ્રસન્નતા હતી.

બીજા એક બેનના ઘરે ગયા, ત્યારે તે બહેને કીધું, તમને ખબર છે મેં અત્યાર સુધીમાં 250થી વધુ સાપને ડોક મરડીને મારી નાંખ્યા છે અને 300થી વધારે વીંછીઓને પગ નીચે કચડીને મારી નાખ્યા છે.

અમે હજુ એના કર્મો વિશે વિચારતા હતા, ત્યાં જ યોગાનુયોગ અમારી નજર ત્યાં ઊભેલા એમના પુત્રવધૂ પર ગઈ. જે pregnant હતા અને deliveryને એકાદ મહિનાની જ કદાચ વાર હશે.

એ બેનને practically સમજાવવા અમે પૂછ્યું, આપને આવનારું આ બાળક કેટલું વ્હાલું છે?

એ બેને કહ્યું, અરે! આ તો મારી મૂડીનું વ્યાજ છે, એટલે મને જાનથી પણ વધારે વ્હાલું છે!

અમે બીજો પ્રશ્ન કર્યો, એનો જન્મ થાય અને મહિના બે મહિનાનું થાય, પછી એને કોઈ કાંઈ કરે તો..

એ બેને ઉગ્ર થઈને કહ્યું, હું એને કોઈને અડવા પણ ન દઉં અને કોઈ અજાણ્યાને એની પાસે આવવા પણ ન દઉં!

અમે તક ઝડપી લીધી અને એમને સમજાવ્યું, જેમ તમને તમારું બાળક વ્હાલું છે, તેમ તમે જે પગ નીચે વીંછીને કચડી નાખો છો, એમને પણ એમનું બાળક એટલું જ વ્હાલું હોય, એ સર્પને પણ એનું બાળક વ્હાલું હોય. દરેક જીવને પોતાનું બાળક વ્હાલું હોય, આપણે બોલી શકીએ અને તેઓ બોલી ન શકે પણ વિરહની વેદના, કચડાતી વખતે થતી તીવ્ર વેદનાનો અનુભવ તો એમને પણ થાય!

સત્યની સમજ આપ્યા પછી અમે બધાને જતનાની kit અર્પણ કરી અને તેઓએ પણ કહ્યું, હવે અમે નિર્દોષ જીવોને આવી રીતે ક્યારેય મારીશું નહીં !



પરમાત્મા એ જે વિહારની આજ્ઞા આપી છે, એની પાછળ આવી રીતે કેટલાય અજ્ઞાની, અબૂધ જીવોને સુધારવાની, સત્યની સમજ આપી, પાપથી બચાવવાનું પરમાર્થ કાર્ય પણ સમાયેલું છે ને !

# આત્મચિંતન કરાવતી એ પળો...

**પૂજ્ય શ્રી પરમ સુનિષ્ઠાજી મહાસતીજી**



વિહારમાં એક દિવસ અમારે એક એવી પાંજરાપોળમાં ઉતારવાનું થયું જ્યાં 1200થી વધુ બીમાર, અપંગ અને વૃદ્ધ ગાયો હતી. આ એ ગાયો હતી, જેમની દૂધ આપવાની ક્ષમતા પૂરી થઈ ગઈ હતી અર્થાત્ એમ કહી શકાય કે 'નકામી' થઈ ગઈ હતી. એટલે એની care થતી ન હતી.

એમની અસહાય અને દયનીય સ્થિતિ જોઈ એક કંપારી છૂટી ગઈ! કેવી વિચિત્ર છે આ દુનિયા!

જ્યાં સુધી ગાય કામની હતી, ત્યાં સુધી એના માલિક દ્વારા પૂજાતી હતી અને આજે..!!

મન આત્મચિંતન કરવા લાગ્યું!

જો આ ભવે સ્વેચ્છાએ સહન નહીં કરું તો આવતા ભવે આવી રીતે પરાણે સહન કરવું પડશે. જો આ ભવે નહીં સમજુ અને નહીં સુધરું તો ક્યાં જઈશ?

એક તરફ ચિંતન અને એક તરફ એ અબોલ જીવોને થતી વેદના અને પીડાને અનુભવવાનો પુરુષાર્થ કરતા કરતા સમજાઈ ગયું કે સંસાર પરિભ્રમણના આવો કષ્ટો સામે સંયમ જીવનના વિહારના કષ્ટોની તો કોઈ comparison જ ન થાય!



# "કોલકાતા મહાનગરમાં સર્જાયું માંગલ્ય"

## સંસારના અંધકારની વચ્ચેથી પ્રભુ શરણના પ્રકાશ તરફ પ્રયાણ કરવાની

# ફરી એક આત્માને મળી મંજૂરીની મહોર

### " તરી જા, તું તરી જા.. ભવસાગર પાર કરી જા" ના મંગલ ભાવ સાથે મુમુક્ષુ શ્રી જાનવીબેનને, માતા - પિતાએ આપી દીક્ષાની આજ્ઞા

7 વર્ષ બાદ મહાનગર કોલકાતામાં મુમુક્ષુ શ્રી જાનવીબેન હેતલબેન મિલનભાઈ શાહની દીક્ષા આજ્ઞા અર્પણ અવસરે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનું થયું કલ્યાણકારી... માંગલ્યકારી... પાવન આગમન!

તીર્થંકર પ્રભુની ભૂમિ એવી પૂર્વ ભારતની ધરા પર, કોલકાતામાં માત્ર 20 દિવસની પરમ ગુરુદેવની સ્થિરતા દરમ્યાન... અનેકોની આત્મધરા પર વવાયા સત્યધર્મના બીજ! અનેક આત્મામાંથી જાગૃત થયાં ધર્મ સંસ્કાર, સેવાના સંસ્કાર, ત્યાગના સંસ્કાર! પરમ ગુરુદેવના પુનિત પગલાથી ધન્ય થયા અનેક ભાવિકો, કોલકાતાના શ્રી સંઘો અને Ludlow jute millના શ્રી અવંતિભાઈ કાંકરિયા પરિવાર !

## ગંગા નીરના નિનાદે ઉપધાન આરાધનાનો આત્મનાદ:

પરમ ગુરુદેવના સાંનિધ્યે, ખળખળ વહેતી ગંગા નદીના કિનારે સ્થિત Ludlow jute millમાં યોજાઇ ત્રિદિવસીય 'ઉપધાન શિબિર'!

વહેલી સવારના રમણીય વાતાવરણમાં ધ્યાન સાધના, બોધ પ્રવચન અને સંધ્યા ભક્તિની સાથે ત્રણ દિવસ સુધી સંસારથી દૂર થઈને સંયમ જીવનશૈલી સ્વરૂપ ઉપધાન આરાધનામાં જોડાયેલા ભાવિકો પરમ ગુરુદેવના શ્રીમુખેથી પામ્યા, સંયોગોની વચ્ચે પણ 'સ્વધર્મ' કરી લેવાનો કલ્યાણ બોધ...

- આત્માને યાદ રાખીને સંયોગોમાં રહેવું તે સંયોગોનો ધર્મ હોય.
- સંયોગ માત્ર પુણ્ય અને પાપને આધિન હોય.
  શુભ સંયોગ પુણ્યાધિન હોય, અશુભ સંયોગ પાપાધિન હોય.









## કોલકાતા પ્રવેશ - ભવ્ય શોભાયાત્રા

પરમ ઉપકારી ગુરુદેવના કોલકાતા આગમનને ઉછળતા ભક્તિભાવ અને હૃદયના થનગનાટ સાથે વધાવતા ભવ્યાતિભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. કોલકાતાની શાન એવા હાવડા બ્રીજથી પ્રારંભ થયેલી 3kmની આ શોભાયાત્રામાં જોડાયેલા સમસ્ત કોલકાતાના શ્રી સંઘો, દરેક missionsના ભાવિકો, મહિલા મંડળો, યુવાનો અને નાનાં-નાનાં બાળકોએ નૃત્ય - ભક્તિ - કિર્તના અને અદ્ભુત વિવિધતાઓ સાથે પરમ ગુરુદેવના અહોભાવભીના સ્વાગત વધામણાં કર્યા.





## શ્રી નવલખા સંઘમાં આગમન

હાવડા બ્રીજથી પ્રારંભ થયેલી એ ભવ્ય શોભાયાત્રા જયકાર ગુંજવતી શ્રી કોલકાતા જૈન શ્વેતાંબર સ્થાનકવાસી ગુજરાતી સંઘ - બડાબજારના આંગણે પધારતા જ પરમ ગુરુદેવનું ભાવ - અહોભાવ અને ભક્તિભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું એવમ પરમ ગુરુદેવના ઉપકારભાવ પરના પ્રવચનનો સહુ એ લાભ લીધો હતો.

- ઉપકારીઓના ઉપકારને lifeમાં કદી ભૂલવા નહીં.
- જેની અંદરમાં ઉપકારનો ભાવ હોય,
  એની સદા ઉન્નતિ!



## પારસધામમાં પધાર્યા પરમ ગુરુદેવ

અનન્ય ગુરુભક્ત, બ્રાહ્મણ પરિવારના શ્રી ભાવિતાબેન ગૌરાંગભાઈ ભટ્ટ પરિવારના આંગણેથી શોભતી શોભાયાત્રા જયકારના ગુંજારવ સાથે પારસધામ પધારતા જ સક્કારેમિ સમ્માણેમિના ભાવો સાથે પરમ ગુરુદેવનું અહોભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. દરરોજ સવારના બોધ પ્રવચન, સંધ્યા સમયે ભક્તિ સ્તવના અને દર્શન - વંદન - વાણી - સત્સંગનો લાભ લઈને સહુ ધન્ય ધન્ય બન્યા હતા.

પારસધામમાં સ્થિરતા દરમ્યાન પ્રભુ કથિત 5 સમિતિની હૃદયસ્પર્શી શૈલીમાં સમજણ આપીને પરમ ગુરુદેવે આત્મહિતની પરમ પ્રેરણા પમાડી!





## શ્રી કામાણી સંઘમાં રેલાયો વ્હાલોત્સવનો રેલો

શ્રી સંઘના આંગણે પરમ ગુરુદેવના સાંનિધ્યે સમસ્ત શ્રી સંઘો, બહોળી સંખ્યામાં ભાવિકોની ઉપસ્થિતિમાં વ્હાલોત્સવ ઉજવાયો હતો.

- પરમ ગુરુદેવના ચરણ - શરણમાં સંયમ જીવનનું પાલન કરનાર કોલકાતાની ધરાના 6 સંયમી આત્માઓના માતા - પિતાએ શાસનના શરણે અર્પણ કરેલા પોતાના સંતાનરૂપી મહાત્યાગનું શ્રી સંઘ દ્વારા ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું.
- "સંતાનની દીક્ષા પછી માતા - પિતાના જીવનમાં કેવું પરિવર્તન આવ્યું હશે ?" આવા જિજ્ઞાસુ ભાવિકોના મનમાં ઉદ્ભવતા પ્રશ્નોનું સમાધાન આપતો અનોખો ટોક શો સંયમી આત્માઓના માતા - પિતા સાથે યોજાયો હતો.
- **કોલકાતાના સમસ્ત શ્રી સંઘોમાં વર્ષોથી સેવા આપતા એવા 69 સેવક કર્મચારી ભાવિકોના મસ્તકે પાઘડી પહેરાવીને એમની સેવાનું સન્માન રૂ. 21000 અર્પણ** કરીને કરવામાં આવ્યું હતું.




શ્રેષ્ઠ ભવમાં
જન્મ લેવા માટે
શ્રેષ્ઠ natureનું
planning
કરવું પડે!

## શ્રી ટોલીગંજ સંઘમાં પ્રસરી માનવતા

**"તમારો વિનમ્ર વ્યવહાર, તમારી સમૃદ્ધિની આમંત્રણ પત્રિકા છે."**

શ્રી ટોલીગંજ સ્થાનકવાસી જૈન સંઘમાં પરમ ગુરુદેવનું પદાર્પણ થતાં અનેરો આનંદ - ઉત્સાહ વર્તાયો હતો.

- પરમ ગુરુદેવની પ્રેરણાથી **ટોલીગંજના સાધર્મિક જરૂરિયાતમંદ પરિવારો માટે રૂ. 1 કરોડનું અનુદાન અર્પણ** કરવામાં આવ્યું હતું.
- પૂર્વ ભારતના પેટરબારમાં એનિમલ હોસ્પિટલ બનાવવાની પરમ ગુરુદેવની પ્રેરણાને ઝીલીને **શ્રી દીનાબેન દિનેશભાઈ મહેતા પરિવાર તરફથી રૂ.11 લાખનું અનુદાન જાહેર કરવામાં આવ્યું હતું.**





# દીક્ષા આજ્ઞા અર્પણ અવસર

**પરમ માંગલ્યની એ ક્ષણ આવી હતી
જ્યારે મુમુક્ષુ શ્રી જાનવીબેનના
પ્રભુના દરબારમાં પ્રવેશ પામવા માટેની
મંજૂરી આપતો દીક્ષા આજ્ઞા અર્પણ અવસર યોજાયો હતો**

## અહો મુમુક્ષુ પધારો પધારો:

બંગ પ્રદેશની પારંપરિક નૃત્ય - ગીતની સુંદર શૈલીમાં ડુંગર દરબારમાં મુમુક્ષુ શ્રી જાનવીબેનના પ્રવેશ વધામણાં કરવામાં આવતા ઉપસ્થિત જન સમુદાય અંજલિબદ્ધ થઈને નતમસ્તક બન્યો હતો.

## તા દેવ દિજ્જ બોહિં ભવે ભવે પાસ જિણચંદ:

પરમ ગુરુદેવના બ્રહ્મનાદે મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની જપ સાધના સાથે મંગલ કલશ પૂજન વિધિમાં જોડાઈને ભાવિકો લીન - તલ્લીન બન્યા હતા.

## આજ્ઞા પત્રિકા વધામણાં:

મુમુક્ષુ શ્રીના પરિવારજનો દ્વારા અત્યંત અહોભાવ સાથે આજ્ઞા પત્રિકાના વધામણાં કરતા હર્ષ હર્ષ છવાયો હતો. "આજ્ઞા પત્રિકા" સ્વરૂપ એકાંકી પાત્રની સુંદર પ્રસ્તુતિ સાથે પાવન પ્રેરણા પ્રસરાવવામાં આવી હતી.

**ખુલ્લી આંખના
સ્વપ્ન જેવો આ સંસાર,
આંખ બંધ થતાં જ વિખરાઈ જાય છે!**

## ધન્ય ઘડી તે ધન્ય પળ:

સહુની આતુરતાને વિરામ આપતી તે ધન્ય ઘડી આવી પહોંચી હતી જ્યારે મુમુક્ષુ શ્રી જાનવીબેને ઉપકારભાવ સાથે માતા - પિતાના ચરણ સ્પર્શ કર્યા બાદ, પરમ ગુરુદેવના શ્રીમુખેથી પ્રગટ થતા દિવ્ય મંત્રોચ્ચાર સાથે માતા - પિતા દ્વારા દીક્ષા આજ્ઞા પત્ર પર સહર્ષ મંજૂરીના હસ્તાક્ષર આલેખિત કરીને પરમ ગુરુદેવના પાવન કર કમલમાં આજ્ઞા પત્રની અહોભાવથી અર્પણતા કરવામાં આવી હતી.

## Thank you દીક્ષાર્થી:

આજીવન છ કાય જીવોના રક્ષક બનવા તત્પર બનેલા મુમુક્ષુને Look N Learnના બાળકો દ્વારા છ કાયના જીવોના પરિવેશમાં સુંદર પ્રસ્તુતિ સાથે Thank You કહેવામાં આવતા આનંદ પ્રસરાયો હતો.

## મુમુક્ષુ ભાવ અભિવ્યક્તિ:

મુમુક્ષુએ માતા- પિતા અને પરમ ગુરુદેવના ઉપકારોની સાથે પોતાના સંયમ ભાવોની અભિવ્યક્તિ કરી હતી.

## અમારી વ્હાલી દીકરી જાનવી:

**"દોડી દોડીને ભેગું કરવા કરતા, દોડી દોડીને છોડી દેવું શ્રેષ્ઠ છે.** આવી સમજ અમને અમારી દીકરી આપી ગઈ" આવા ભાવોની માતા - પિતાની અભિવ્યક્તિ પ્રેરણા પ્રસારી ગઈ!

## હવે જલ્દી પધારો મુંબઈ:

મુંબઈના ભાવિકો દ્વારા પરમ ગુરુદેવના ચરણોમાં, મુંબઈમાં ચાતુર્માસ કરવાની અને દીક્ષા મહોત્સવ યોજવાની ભાવભીની વિનંતીનો પરમ ગુરુદેવ દ્વારા સ્વીકાર કરવાના દશ્યોએ સર્જી હતી અનોખી સંવેદના!












## સંયમ એટલે અસ્તિત્વ શૂન્યતાની યાત્રા!







# સંયમ સન્માન યાત્રા "શોભાયાત્રા"

### "ત્યાગ સદાકાળ વંદનીય હોય, જિનશાસન પ્રત્યેનું સમર્પણ સન્માનીય હોય."



મુમુક્ષુ જાનવીબેનના માતા-પિતા શ્રી હેતલબેન મિલનભાઈ શાહ પરિવારના આંગણેથી સંયમ શોભાયાત્રા પ્રારંભ થઈને કોલકત્તાના માર્ગો પર સંયમધર્મનો જયકાર ગુંજવતી, દીક્ષાર્થીનો જયકાર ગુંજવતી, ત્યાગ ધર્મનું ગૌરવ વધારતી અનેક વિવિધતાઓથી શોભતી સંયમ સન્માન યાત્રા, ધર્મ સભામાં પરિવર્તિત થઇ હતી, જ્યાં સંયમ જીવન સંબંધી જિજ્ઞાસુ ભાવિકોના મનમાં ઊઠતા પ્રશ્નોનું સમાધાન આપતો exclusive talk show મુમુક્ષુ સાથે યોજાયો હતો.



ત્યાર બાદ મુમુક્ષુની ત્યાગ ભાવના અને સંયમ ભાવના પ્રત્યે અહોભાવ પ્રગટ કરતા શ્રી કોલકાતા શ્વેતાંબર સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી હંસરાજ લક્ષ્મીચંદ કામાણી જૈન સંઘ, પારસધામ, શ્રી ટોલીગંજ સ્થા. જૈન સંઘ, શ્રી લીલુઆ સંઘ, પાવનધામ હાવડા સંઘ, શ્રી કોલકાતા ઝાલાવાડ સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ, શ્રી કાઠીયાવાડ સ્થાનકવાસી જૈન સમાજ, ગુરુ ગિરિ ભક્તિ ગ્રુપ, ચુડા મિત્ર મંડળ આદિ દ્વારા મુમુક્ષુનું ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું.



મુમુક્ષુશ્રીના પાવન હસ્તે આ અવસરે વરસીદાન કરવામાં આવતા સહુ ધન્ય બન્યા હતા.



# તોમાર સોંગે...

## "ત્યાગ ત્યાં શાંતિ, સંસાર ત્યાં અશાંતિ"



મંત્ર, માનવતા અને મુમુક્ષુતાના ત્રિવેણી સંગમ સ્વરૂપ આ અવસરે પરમ ગુરુદેવના બ્રહ્મનાદમાં શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની જપ સાધનામાં લીન-તલ્લીન બનીને સહુએ પ્રભુ ભક્તિ કરી હતી.





### બાળકોનો સાદ સંયમ મહાનાદ:

લુક એન લર્નના 108 બાળકોએ, એક સાથે, એક લયમાં, એક સૂરમાં, એક તાલમાં પ્રસ્તુત કરેલી સંયમ મહાનાદ symphony એ ઉપસ્થિત જન સમુદાયને સંયમ ભાવમાં તરબોળ કરી દીધા હતા.



### મારો રક્ષણહાર રજોહરણ:

પરમ ગુરુદેવના હસ્તે પ્રતિકરૂપે મુમુક્ષુને અર્પણ કરવામાં આવેલ રજોહરણ અને સંયમના ઉછળતા ભાવ સાથે સહુએ કરેલી રજોહરણ ભક્તિના દશ્યો સાથે સર્વત્ર સંયમ સંયમ છવાઈ ગયો હતો.



### મીઠી મહેક માનવતાની:

કોલકાતા Parasdham Youth દ્વારા ભૂખ્યા - તરસ્યા અબોલ પશુ - પક્ષીઓ માટે "Always Feed" projectનું launching મુમુક્ષુ તેમજ સમસ્ત કોલકાતાના શ્રી સંઘ પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવતા હર્ષ હર્ષ છવાયો હતો. એની સાથે જ, શ્રી અવંતિભાઈ કાંકરિયા પરિવારની Ludlow Jute Millના આંગણે સર્જાઈ રહેલી "Always Care Animal Hospital" નું launching શ્રી ઉષાબેન અને શ્રી અવંતિભાઈ કાંકરિયાજીના હસ્તે થતા સહુએ અનુમોદના કરી હતી.

### Why Saiyam?:

અદ્ભુત નાટિકા Why Saiyam ના દૃશ્યોએ સહુને સંયમધર્મ પ્રત્યે પ્રેરિત કર્યા હતા.

હજારો ભાવિકોના હૃદયમાં ધર્મભાવ, ભક્તિભાવ, સેવાભાવ જાગૃત કરીને Ludlow Jute Millના આંગણે સંયમી આત્માઓ માટેની "આગમ વાચના" બાદ પરમ ગુરુદેવ, એક આત્માને સંસારથી ઉગારવાના સંતોષ સાથે કોલકાતાથી વિહાર કરી ગયા હતા.






## એ પુણ્યાત્માને અર્પીએ ભાવથી

# ગુણાંજલિ...



## શ્રી કુંજનબેન મૂળરાજભાઈ છેડા

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના પરમ શરણમાં સમર્પિત શ્રી મૂળરાજભાઈ છેડા (SPM) પરિવારનું પ્રેમાળ અને સ્નેહાળ.. સદાય હસતું અને સહુની care માટે દોડતું એક અવિસ્મરણીય વ્યક્તિત્વ!

સર્વ કલ્યાણની ભાવનાવાળા પરિવારમાં યોગ અને ઋણાનુબંધથી જોડાયેલા પરમ ગુરુદેવનો સંયોગ એમના પુણ્યોદયના સાક્ષી હતા.

સ્વયંના સ્વાર્થનું મૃત્યુ કરી, સહુના સુખમાં જોડાઈ જવાની તડપ, સ્વયંના smile અને સ્નેહથી, વાણી અને વાત્સલ્યથી પારકાને... પછી એ મનુષ્ય હોય કે તિર્યંચના જીવો હોય, પોતાના બનાવવાની એમનામાં એક અદ્‌ભુત કળા હતી.. પ્રેમાળ nature હતો.

પુનડી - કચ્છમાં પરમ ગુરુદેવના ચાતુર્માસમાં એમની ગુરુભક્તિ, અને ચાતુર્માસને શ્રેષ્ઠ અને શ્રેયકર બનાવવા માટેના એમનો ઉલ્લાસ અને ઉમંગ, એમની શ્રદ્ધા અને કર્તવ્ય ભાવના અને ગુરુ સમર્પણતાના સહુએ દર્શન કર્યા હતા. પરમ ગુરુદેવની પ્રેરણાને ઝીલી Always Care Clinicમાં નિઃસ્વાર્થ ભાવે અબોલ જીવો પ્રત્યેની અનુમોદનીય કરુણા સર્જી હતી.



સંતોની સેવા અને વૈયાવચ્ચ, સંતાનોને સ્નેહને મમતા, પરિવારજનોને શાતા અને સમાધિ પમાડવાનો પ્રયાસ એ જ એમના જીવનનું ધ્યેય હતું.

એમના કર્તવ્યોનું, એમણે સર્જેલી કરુણાનું, આવો, આપણે કરીએ ભાવ અને અહોભાવથી અંતરથી અનુમોદના, અનુમોદના, અનુમોદના અને એ અનુમોદના દ્વારા અર્પણ કરીએ એ પુણ્યાત્માને ભાવભરી ગુણાંજલિ!

શુભ ભાવોના કારણે.. શુભ ગતિમાં પ્રયાણ કરનાર એ આત્મા પરમાત્માના ચરણને પ્રાપ્ત કરે, પંચ મહાવ્રતધારી ગુરુ ભગવંતના શરણને પ્રાપ્ત કરે અને આ ભવની કરુણાને આવતા ભવની મહાકરુણા બનાવી, આત્મકલ્યાણની રાહ પર એક એક કદમ આગળ વધતા વધતા અંતે પરમાત્માના શરણને પ્રાપ્ત કરી, સ્વયં પરમ પદને પ્રાપ્ત કરે, એ જ અહોભાવ ભરી શ્રદ્ધાંજલિ !

# ગમ્મત સાથે જ્ઞાન પ્રાપ્તિ કરાવતું અદ્‌ભૂત KIDS CARNIVAL

**ત્રિદિવસીય આ Carnival દ્વારા સેંકડો ભાવિકો બોધિત થયા હતા.**



બોરીવલી, કાંદિવલી, મીરા રોડ અને વિલેપાર્લે સંઘમાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી
**પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજી આદિ સતિવૃંદના સાનિધ્યે આયોજિત "Kids Carnival"માં**
બાળકોની સાથે સેંકડો વડીલોએ પણ visit કરીને બહોળો પ્રતિસાદ આપ્યો હતો.

## બાળ હૃદયને સંસ્કારિત કરવા આયોજિત Kids Carnivalનું દરેક Zone બાળકો માટે આત્મહિતનું Inspirational Zone બની રહ્યું હતું!

Vacationના સમયનો સદુપયોગ કરાવતું અને બાળ હૃદયના સદગુણોની માવજત કરાવતું આ અનોખું **"Kids Carnival!"**
શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ મોટા ઉપાશ્રય-કાંદિવલી, શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ-બોરીવલી,
શ્રી મીરા રોડ વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ અને શ્રી વિલેપાર્લે વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘમાં આયોજિત કરવામાં આવ્યું હતું.


Game Zone


Picture Zone


Creative Zone


Mudra Zone



Health Zone


Divine Zone

**Physically, mentally & spiritually એમ બાળકોનું overall grooming કરાવનારા આ Carnivalમાં 6 દિવસ દરમિયાન સેંકડો ભાવિકોએ visit કરીને બહોળો પ્રતિસાદ આપ્યો હતો.**

**આગામી દિવસોમાં આ Carnival અન્ય સંઘોમાં પણ યોજાશે.**

ARHAM YUVA SEVA GROUP
PAROPKAR SE PARMATMA

Inspired by Param Namramuni Gurudev

# ABHAYDAAN ABHIYAAN 2026

## DONORS WITH YOUR SUPPORT





**1304**
**JEEVS**
**SUCCESSFULLY RESCUED**
VAPI : 974
RAJKOT : 330





SCAN TO DONATE

**SUPPORT TO END THEIR SUFFERING AND BECOME THEIR SAVIOUR**

**FOR THEIR LIFELONG CARE & NURTURE**

**DONATE NOW** | 7666708869

www.arham.org | Email: support@arham.org I /AYSGIndia



Printed & Published by : Deepak K. Bhayani on behalf of Jain Kranti, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.
Printed at : Arihant Printing Press, B/4, 310, Trikal Bldg., Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075, Maharashtra.
Edited by : Deepak K. Bhayani, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.